સત્યમેવ જયતે

| | |
|---|---|
| દાખલ થયા તારીખ: | ૧૭–૧૨–૨૦૨૪ |
| રજી.લીધા તારીખ : | ૧૭–૧૨–૨૦૨૪ |
| ફેસલ થયા તારીખ: | ૨૨–૦૬–૨૦૨૬ |

---

ભિલોડાના મહે. એડી. ચીફ જયુડિશિયલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટમાં,મું .ભિલોડા.

---

ક્રિ.કેસ નંબર–૧૪૯૧/૨૦૨૪
આંક–૩૨

ફરીયાદી:– શ્રી સરકાર
(ભિલોડા પો.સ્ટે.ગુ.રજી.નં.૩૭૯/૨૦૨૨)

વિરુધ્ધ.

આરોપી:–(૧) પ્રવિણભાઈ ઉર્ફે રમેશભાઈ બચુભાઈ રોત,એબેટ
(૨) શૈલેષભાઈ બચુભાઈ રોત,એબેટ
(૩) ઉર્મીલાબેન વા/ઓ પ્રવિણભાઈ રોત,ઉ.વ.૩૬,
(૪) રસીલાબેન વા/ઓ શૈલેષભાઈ રોત,ઉ.વ.૩૨,
ચારેય રહે.ભટેળા,તા.ભિલોડા,જિ.અરવલ્લી.

ગુન્હો:– ઈ.પી.કો.કલમ :૩૪૧,૫૦૪,૫૦૬(૨), તથા જી.પી.એકટ–૧૩૫ મુજબ.

---

ફરીયાદપક્ષે મદદનીશ સરકારી વકીલ શ્રી બી.આઈ.મનસુરી
આરોપી તરફે વિધ્વાન વકીલ શ્રી બી.વી.ચંપાવત

---

// ઠરાવ //

(૧) ફરીયાદપક્ષના કેસની સંક્ષિપ્તમાં હકિકત એવી છે કે, આ કામના આરોપીઓએ ગઈ તા.૨૧/૦૮/૨૦૨૨ ના કલાક ૧૯:૦૦ વાગ્યે ફરીયાદીને આરોપી નં.૧ નાઓએ હાથમાં લોખંડનો ધારદાર છરો તથા આરોપી નં.૨ નાઓએ લોખંડની કુહાડી તથા આરોપી નં.૩ નાઓએ હાથમાં કુહાડી લઈ આવી ફરીયાદીને મા–બેન સામી ગાળો બોલી કહેલ કે, આ રસ્તામાં થઈ કેમ નીકળો છો તેમ કહી રસ્તામાં ગેરકાયદેસર અવરોધ કરી આ કામના આરોપીઓ માર મારવા છોડી આવી મારી નાખવાની ધમકીઓ આપી એકબીજાની મદદગારીઓ કરી મહે.જીલ્લા મેજીસ્ટ્રેટ સાહેબશ્રીનાઓના જાહેરનામાનો ભંગ કરી આરોપીઓ વિરૂધ્ધ ઈ.પી.કો. કલમ–૩૪૧,૫૦૪,૫૦૬(૨),તથા જી.પી.એકટ–૧૩૫ મુજબનાં શિક્ષાપાત્ર ગુન્હા અંગેનુ ચાર્જશીટ અત્રેની અદાલતમાં રજુ કરેલ છે.

(૨) આરોપીઓને સમન્સ કાઢતા,આરોપીઓને સમન્સની બજવણી થતાં આરોપી નં.૧ પ્રવિણભાઈ બચુભાઈ રોત તથા આરોપી નં.૨ શૈલેષભાઈ બચુભાઈ રોત બન્ને મરણ ગયેલ છે જેના મરણના દાખલાની નકલ બજવણી કરનાર અધિકારીએ માર્ક–૧૬/૧ તથા ૧૬/૨ થી રજુ કરેલ છે. આરોપી નં.૩ અને ૪ હાજર થતાં આરોપીઓને ક્રિ.પ્રો.કો.ની કલમ–૨૦૭ અન્વયે પોલીસ પેપર્સની નકલો મળ્યાની ખાતરી કર્યા બાદ આરોપીઓ વિરૂધ્ધ આંક–૨૧ થી તહોમતનામું ફરમાવી આંક–૨૨ તથા આંક–૨૩ થી આરોપીઓનું નિવેદન નોંધવામાં આવેલ છે જેમાં આરોપીઓએ ગુન્હો કરેલ હોવાનો ઈન્કાર કરતા કેસની ન્યાયિક કાર્યવાહી આગળ ચલાવી ફરિયાદપક્ષને પુરાવો રજુ કરવા જણાવેલ.

(૩) આ કામે ફરીયાદપક્ષે રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ નીચે મુજબ છે.

## <u>// મૌખિક પુરાવા //</u>

| અ.નં | પુરાવાની વિગત | આંક |
|---|---|---|
| ૧. | ફરીયાદી પ્રકાશભાઇ ધર્માભાઇ ફનાત ની જુબાની | ૨૬ |

## <u>// દસ્તાવેજી પુરાવા //</u>

| અ.નં | પુરાવાની વિગત | આંક |
|---|---|---|
| ૧. | ફરીયાદ | ૨૭ |
| ૨. | ગુન્હાવાળી જગ્યાનું પંચનામું | ૨૮ |
| ૩. | મારક હથીયારનું પંચનામું | ૨૯ |

(૪) ત્યારબાદ આરોપીઓ વિરૂધ્ધ પુરાવો આવેલ ન હોય આરોપીઓનું ક્રિ.પ્રો.કો.કલમ–૩૧૩ અન્વયે વિશેષ નિવેદન નોધવા આવેલ નથી.

(૫) ઉપરોકત હકિકતે સદર કેસના ન્યાયીક નિર્ણય સારુ નીચે મુજબના મુદાઓ ઉપસ્થિત થાય છે.

## <u>–:: મુદ્દા ::–</u>

(૧) શુ ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીઓએ ગઈ તા.૨૧/૦૮/૨૦૨૨ ના કલાક ૧૯:૦૦ વાગ્યે ફરીયાદીને આરોપી નં.૧ નાઓએ હાથમાં લોખંડનો ધારદાર છરો તથા આરોપી નં.૨ નાઓએ લોખંડની કુહાડી તથા આરોપી નં.૩ નાઓએ હાથમાં કુહાડી લઈ આવી ફરીયાદીને મા–બેન સામી ગાળો બોલી કહેલ કે, આ રસ્તામાં થઈ કેમ નીકળો છો તેમ કહી રસ્તામાં ગેરકાયદેસર અવરોધ કરી આ કામના આરોપીઓ માર મારવા છોડી

આવી મારી નાખવાની ધમકીઓ આપી એકબીજાની મદદગારીઓ કરી મહે.જીલ્લા મેજીસ્ટ્રેટ સાહેબશ્રીનાઓના જાહેરનામાનો ભંગ કરી આરોપીઓ વિરૂધ્ધ ઈ.પી.કો. કલમ–૩૪૧,૫૦૪,૫૦૬(૨), તથા જી.પી.એકટ–૧૩૫ મુજબનાં શિક્ષાપાત્રગુન્હો કરેલ છે ?

(૨) શું હુકમ ?

**(૬)** ઉપરોકત મુદાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) નકારમાં

(૨) આખરી હુકમ મુજબ.

**<u>કારણો અને ચર્ચા</u> :–**

**(૭)** ફ.પ.ત ફરીયાદી પ્રકાશભાઇ ધર્માભાઈ ફનાતને આંક–૨૬ થી તપાસતા તેઓએ તેમની કોર્ટ રૂબરૂની જુબાનીમાં એવુ જણાવેલ છે કે,તા.૨૧ /૦૮/૨૨ ના રોજ હું મારી રીક્ષા લઈને ભિલોડાથી નીકળેલ તે દરમ્યાન પ્રવિણ ઉર્ફે રમેશભાઈ તથા શૈલેષભાઈ તથા ઉર્મિલાબેન તથા રસીલાબેનનાઓ રસ્તામાં વચ્ચે આવી ગયેલા અને પાણીના હવાડા પાસે મને ઉભો રાખી તારે રીક્ષા લઈને અહીયાથી નીકળવુ નહી એમ કહીને મારી સાથે બોલાચાલી કરી ઝઘડો કરેલો. જેથી મે તેઓની વિરુધ્ધ ફરીયાદ કરેલી. જે મને ફરીયાદની અસલ બતાવવામાં આવે છે તેમાં મારી સહી છે જે જોઈ ઓળખુ છુ. જે રજુ દાખલ આંક.૨૭ આપવામાં આવે છે. આ સિવાય બીજુ કશુ બનેલ નથી.

સદરહુ સાહેદ ફરીયાદ પક્ષને સમર્થન કરતા ન હોય વિ.એ.પી.પી.શ્રી ની મૌખિક વિનંતીથી ફરી ગયેલા સાહેદ જાહેર કરવામાં આવેલ છે,જયારે બચાવપક્ષ તર્ફે

કરવામાં આવેલ ઉલટતપાસમાં એ વાતનો સ્વીકાર કરેલ છે કે,સામાન્ય બોલાચાલી થયેલી તે સિવાય બીજુ કઈ બનેલુ નહી.

૦૮. આમ, ફરીયાદ પક્ષે રજુ તમામ પુરાવાનું સમગ્રપણે મુલ્યાંકન કરવામાં આવે તો આ કામના ફરીયાદી એ જ ફરીયાદ હકીકતને સમર્થન કરેલ નથી. આરોપીપક્ષે નિખાલસપણે ગુન્હાવાળી જગ્યાનું પંચનામું તથા હથીયાર રીકવર પંચનામું તે રેકર્ડ પર તો આવેલા છે પરંતુ સદર પંચનામા એ હકીકત પુરવાર થતી નથી કે ફરીયાદ મુજબનો જ બનાવ બનવા પામેલો. ફરીયાદી જાતે જ એવુ જણાવે છે કે, આરોપી સાથે સામાન્ય બોલાચાલી થયેલી તે સં જોગોમાં તપાસ કરનાર અમલદારને તપાસવાનો કોઈ અર્થ રહેતો નથી. આમ, ફરીયાદની હકીકતોને સમર્થનકારી પુરાવો રેકર્ડ પર લાવવામાં ફરીયાદ પક્ષ નિષ્ફળ ગયેલ છે. ફરીયાદ પક્ષના પુરાવાઓનું મુલ્યાંકન આરોપીઓ વિરૂધ્ધ આક્ષેપાયેલ ત્હોમત પુરવાર કરવામાં ફરીયાદ પક્ષ નિષ્ફળ ગયેલ છે. આવા સં જોગોમાં આરોપીઓ ને તકસીરવાન ઠરાવી શકાય નહી.ઉપરોકત તમામ ચર્ચા મુજબ મુદ્દા નં.(૧) નો જવાબ ''નકાર''માં આપી મુદ્દા નં.(૨) પરત્વે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## –:: <u>આખરી હુકમ</u> ::–

આરોપી નં.(૩) ઉર્મીલાબેન વા/ઓ પ્રવિણભાઈ રોત,ઉ.વ.૩૬, (૪) રસીલાબેન વા/ઓ શૈલેષભાઈ રોત,ઉ.વ .૩૨,ચારેય રહે.ભટેળા, તા.ભિલોડા,જિ.અરવલ્લી. તેમની સામે આક્ષેપિત ભારતીય દંડ સંહીતાની કલમ–ભારતીય દંડ સંહીતાની કલમ–૩૪૧,૫૦૪,૫૦૬(૨) તથા જી.પી.એકટની

કલમ–૧૩૫ મુજબના શિક્ષા નેપાત્ર ગુન્હામાંથી ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨૪૮(૧) અન્વયે શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

આરોપીઓના અગાઉના જામીનખત અપીલ સમય સુધી ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તા.૨૨મી,માહે–જુન,સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ: ૨૨–૦૬–૨૦૨૬
મુકામ: ભીલોડા

(તુષારકુમાર વીરાભાઈ પરમાર)
એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ,
ભિલોડા.
**UID CODE GJ01084**